





કુમકુમના પગલાં પડયાં... કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી નવરાત્રી પર્વની ઉજવણીથી વંચિત રહેલા વસાહતીઓ આ વખતે મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. ભલે પાર્ટી પ્લોટમાં ગરબાનું આયોજન ન થયું હોય પરંતુ શેરી ગરબાની રંગત જામી છે. સેક્ટર-૮ સરકારી વસાહત મંડળ દ્વારા યોજાઈ રહેલા શેરી ગરબામાં વસાહતી ભાઈ-બહેનો મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. સેક્ટર-૨૨, જ ટાઈપ સરકારી વસાહત અને સેક્ટર-૧ ઉત્સવ સમિતિ દ્વારા યોજાયેલા શેરી ગરબામાં બાળકો યુવાનો, મહિલાઓ અને વડીલો ગરબે ઘુમ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આમ તો બાપુજીને કાંઈ ન હતું... પણ દિવાળીએ મારા બા એને માળીયે ચડાવશે એ બીક હોઈ શકે...!!**

# ગાંધીનગર સિવિલમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં વાહનચોરી માટે સિવિલ હોસ્પિટલ હોટ ફેવરીટ જગ્યા છે. સિવિલમાંથી આંતરે દિવસે વાહનચોરીના બનાવ બને છે. શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. વાહનચોર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે હોસ્પિટલમાંથી વધુ એક બાઈકની ચોરી થવા પામી છે. સિવિલના તાત્કાલીક વિભાગની સામે ગાર્ડનની પાસે વડ નીચે પાર્ક કરેલ બાઈક ગણતરીના કલાકમાં ગાયબ થયુ છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

મુળ મહિસાગર જિલ્લાના અને ગાંધીનગર શહેરના સેકટર-૨૮ પ્રેસ છાપરા હનુમાનજી મંદિર નજીક રહેતા અલ્પેશ પૂજાભાઈ વાદી પોતાના પરિવાર સાથે રહે છે અને સાવરણી વેચવાનો છુટક વેપાર કરે છે. સિવિલના ગાયનેક વિભાગમાં ફરીયાદીના પત્ની એડમીટ હોવાથી તે ગતરોજ બપોરે સિવિલ આવ્યા હતા. તે સમયે બાઈક નં. જી.જે.૩૫.સી.-૬૪૧૨ તાત્કાલીક વિભાગની સામે ગાર્ડન નજીક વડ પાસે લોક કરીને મુક્યું હતું. જયારે બપોરના બે વાગ્યાની આસપાસ બાઈક પાર્ક કર્યા બાદ સાંજના સુમારે ટીફીન લેવા માટે ઘરે જવાનું હોવાથી પાંચ વાગ્યાના અરસામાં જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી ફરીયાદી આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી પુછપરછ પણ કરી હતી. પોતાની રીતે પણ શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એન.એસ.એસ. યુનિટ દ્વારા “સ્વચ્છ ભારત પ્લોગ રન” યોજાઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં ‘સ્વચ્છ ભારત પ્લોગ રન’નું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણા, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ તેમજ વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના માર્ગદર્શન હેઠળ મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે આ “સ્વચ્છ ભારત પ્લોગ રન”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સ્કૂલ ઑફ એક્રિડિટેશનના ડાઈરેક્ટર ડૉ. સંજય ગુપ્તા તથા સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના ડાઈરેક્ટર ડૉ. રાકેશ પટેલ હાજર રહ્યા હતા. આ પ્લોગ રનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના સ્વયંસેવકો જોડાયા હતા. આ પ્લોગ રન યુનિવર્સિટી કૅમ્પસથી શરૂ કરી નમસ્કાર સર્કલ (સેક્ટર ૨૧) થઈ પરત યુનિવર્સિટી પરિસર સુધી યોજવામાં આવી હતી. ડૉ. રાકેશ પટેલે વિદ્યાર્થીઓને ગાંધીવિચારોની અગત્ય તથા ‘સ્વચ્છ ભારત’ વિશે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર ડૉ. શિલ્પા એમ. વાળા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# ઝુંડાલ કેનાલ પાસે બેઠેલા યુવક-યુવતિ પર અજાણ્યા શખ્સે છરીથી હુમલો કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલી ઝુંડાલ નર્મદા કેનાલ પાસે એકટીવા પાર્ક કરીને અમદાવાદના યુવક-યુવતિ વાતચીત કરી રહ્યા હતા. તે સમયે બાઈક લઈને આવેલા અજાણ્યા શખ્સે તેમ અહીં કેમ બેઠા છો કહી બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈને યુવકને પેટના ભાગે તેમજ શરીરે એક પછી એક ઘા ઝીંકતા યુવતિ વચ્ચે પડતા તેને પણ શરીરે ઈજા પહોંચી હતી. યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ જુના વાડજ સાબરનગર ખાતે રહેતી ૨૧ વર્ષિય છાયા અમરસિંહ પારઘી ગતરોજ તે બપોરના સમયે અમદાવાદ ઈન્કમટેક્ષ ખાતે બેંક ઓફિસરનું ઈન્ટરવ્યુ આપવા માટે ગઈ હતી. ઈન્ટરવ્યુ પુરુ થઈ ગયા પછી સાડા ચાર વાગ્યાના અરસામાં સાબરનગરમાં જ રહેતો તેનો પ્રેમી અજય પ્રવિણભાઈ સાગર એકટીવા લઈને તેને લેવા માટે આવ્યો હતો. ત્યારપછી બંને જણા એકટીવા પર ઝુંડાલ કેનાલ પર આવ્યા હતા. બ્રિજની જમણી બાજુ અંદર તરફ કેનાલ પાસે માર્ગ પર એકટીવા પાર્ક કરીને અજય તેના પર બેઠો હતો અને છાયા પાસે ઉભી રહીને વાતચીત કરી રહ્યા હતા. તે સમયે અચાનક સાડા પાંચ વાગ્યાના અરસામાં ત્યાંથી એક શખ્સ બાઈક લઈને પસાર થયો હતો. બાઈક આગળ પાર્ક કરીને તે બંન્ને પાસે પાછો આવ્યો હતો. શખ્સે આવીને કહ્યું કે તમે અહીં કેમ બેઠા છો, શું કરવા આવ્યા છો, જેથી યુવક-યુવતિએ તેમને પ્રોબ્લેમ હોય તો જતા રહીએ તેમ કહેતા જ શખ્સ અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. શખ્સે પોતાતની કમરના પાછળના ભાગે થી છરી કાઢીને યુવક પર તુટી પડ્યો હતો. એક પછી એક ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં અજયને પેટના ભાગે છરી વાગતા લોહી નીકળવા લાગતા યુવતિ પણ બચાવવા માટે વચ્ચે પડી હતી. તેમ છતા શખ્સે છરી મારતા અજયને છાતી-ગળાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

જયારે વચ્ચે પડેલી યુવતિને પણ છરી વાગતા ઈજા પહોંચી હતી. યુવતિએ હોહા કરતા કાર ચાલક ઉભો રહી જતા શખ્સ નાસી ગયો હતો. જયારે કાર ચાલકે ૧૦૮ ને કોલ કર્યો હતો. પરંતુ એમ્બ્યુલન્સ આવતા સમય જતા તે પોતાની કારમાં બેસાડી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જઈ રહ્યો હતો. તે સમયે માર્ગમાં ૧૦૮ આવી જતા બંન્ને સિવિલ ખાતે લઈ ગયા હતા. ત્યારે અજયને પરિવારને જાણ કરવામાં આવતા તેઓ પણ તાત્કાલીક સિવિલ આવી ગયા હતા. જયારે અજયને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખાતે મોકલી અપાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે ઠેર ઠેર ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. ચોમાસા દરમ્યાન અનેક સિગ્નલ બગડી જતાં તેનુ રીપેરીંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. ગ-૩ સર્કલની ટ્રાફિક લાઈટનું રીપેરીંગ મેન્ટનન્સ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે આરોગ્યની વિવિધ યોજનાકીય કામગીરી અંગે સમીક્ષા બેઠકોનું આયોજન છે.
- ગાંધીનગર જિલ્લાના આરોગ્ય વિભાગના ફિલ્ડના કર્મચારીઓ હવે રજાના દિવસોમાં કામ ન સોંપવાની રજુઆત લઈ આવ્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોધાયો નથી.
- મનપાના કમિશનરે આજે મનપાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી ૨૪૭૭ પાણી પુરવઠો તેમજ ભૂગર્ભ ગટર યોજનાના કામોની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં દહેગામ અને ગાંધીનગર તાલુકામાં વરસાદની ઘટ ૪૦ ટકાથી વધુ હોવાથી તંત્રની ચિંતા વધી છે.
- દહેગામ અર્બન સેન્ટરમાં પાંચ મહિના પહેલાં મૃત્યુ પામેલા વૃદ્ધના નામે રસીકરણ થયાની ઘટના સામે આવી છે.
- બે દિવસની રજા બાદ આજે સરકારી કચેરીઓ ખુલી હતી પરંતુ મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.
- રાજ્ય સરકારે ‘૧૦૦ દિવસનું” સમય-પત્રક બનાવી બધા વિભાગોને મોકલી આપ્યુ છે હવે તેને લઈ ઉઘરાણી પણ શરૂ થઈ છે.



## બાળક તરછોડી દેવાની ઘટનાનું પોલીસ દ્વારા રીકન્ટ્રકશન કરાયું

ગાંધીનગર પેથાપુર સ્વામીનારાયણ ગૌ શાળા પાસે એક બાળકને ત્યજીને ફરાર થઈ જનારાને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. પોલીસે સીસીટીવી કેમેરા, મોબાઈલ લોકેશન અને કારના નંબરના આધારે બાળકના પિતા જ તેને મુકી જતો રહ્યો હોવાનું સામે આવ્યું હતું. બાળકના પિતા સચિનની રાજસ્થાનથી પકડી પાડયા બાદ પોલીસ તપાસમાં કેસમાં નવો વળાંક આવ્યો છે.જેમાં બાળકના માતા હીના ઉર્ફે મહેંદીની સચિન દિક્ષિતે ગળુ દબાવી હત્યા કર્યાનું સનીસનીખેજ ખુલાસો થયો છે. ત્યારે આજે પોલીસે બાળકને ત્યજી દેનાર પિતા સચિનને સાથે રાખીને સમગ્ર ઘટનાનું રીકન્કસ્ટ્રકશન કર્યું હતું. જેમાં પોલીસે પેથાપુર સ્વામીનારાયણ ગૌ શાળાથી ઘર સુધી ઘટનાનું રીકન્ટ્રકશન કર્યું હતું. જેમાં સચિન ગાડી લઈને કયા માર્ગે આવ્યો હતો, બાળકને મુકીને કયા માર્ગે ઘર સુધી ગયો હતો તે સહિતની તપાસ કરી હતી.

# પેથાપુર ફતેપુરા પાસે આઈશર-બાઈક વચ્ચે અકસ્માત : બાઈક ચાલકને ઈજા

ગાંધીનગર,. તા.૧૧

પેથાપુર ફતેપુરા ત્રણ રસ્તા પાસે શ્રી પર્ણી પાન પાર્લર આગળ બાઈક અને આઈશર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રોંગ સાઈડ આવી રહેલા આઈશર ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈક ને અડફેટે લેતા બાઈક ચાલકને બંન્ને હાથે-પગે તેમજ મોંઢાના ભાગે ઈજાઓ પહોંચતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. બનાવ અંગે બાઈક ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ એમઆઈજી મકાન નં.૮-૮૭ ખાતે રહેતા ૪૮ વર્ષિય જયેશ શ્રીમાળી પરિવાર સાથે રહે છે અને ખાનગી ટયુશન કરાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયેશભાઈ પોતાનું બાઈક નં. જી.જે.૧૮.એ.ઈ.-૩૧૮૬ લઈને સવારના અગીયાર વાગે વડનગર ખાતે રહેતા મિત્રને મળવા માટે ગયા હતા.

મિત્રને મળી તેઓ ગાંધીનગર પરત ફરતા હતા. બપોરના સુમારે પેથાપુર ફતેપુરા ત્રણ રસ્તા થી આગળ આવેલા શ્રી પર્ણી પાન પાર્લર આગળ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આઈસર ના ચાલકે રોંગ સાઈડમાં પુર ઝડપે ગફલતભરી રીતે હંકારીને અચાનક વળાંક લેતા બાઈક આઈસર નં. જી.જે.૧૮.એ.ઝેડ.-૯૭૫૫ ના આગળના ભાગે ટકરાયુ હતું. જેથી બાઈક ચાલક નીચે પટકાતા હાથે પગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. તે સમયે ફરીયાદીના પરિચિત તેઓને ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેઓને અમદાવાદ વધુ સારવાર માટે લઈ જવાયા હતા. અકસ્માતમાં બંન્ને હાથના કાંડાના ભાગે તેમજ ડાબા પગે અને ઢીંચણ તેમજ મોંઢાના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# આઈ.ટી.આઈ ગાંધીનગર (મહિલા) ખાતે વિનામૂલ્યે પ્રવેશ મેળવવાની તક

ગાંધીનગર, તા. ૧૧

મહિલા આઈ.ટી.આઈ ગાંધીનગર ખાતે વિના મૂલ્યે ચાલતાં કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેક્નોલોજી ટ્રેડમાં ૮ પાસ અને ૧૦ પાસ ઉમેદવારોને પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલ બેઠકો પર મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. આથી તા. ૧૧-૧૦-૨૦૨૧ થી ચોથા રાઉન્ડની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

તદુપરાંત ગુજરાત રાજ્યની એકમાત્ર આઈટીઆઈ ગાંધીનગર (મહિલા) ખાતે ચાલુ સત્રથી શરૂ કરવામાં આવેલ એમ.એલ.ટી.(ટેક્નોલોજીસ્ટ) ટ્રેડમાં પણ ખાલી રહેલ બેઠકો માટે બી.એસસી. પાસ ઉમેદવારોને પ્રવેશ આપવાની કામગીરી ચાલુ છે. આથી ઉપરોક્ત કોર્ષમાં વિનામૂલ્યે તાલીમ માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ www. itiadmission.gujarat. gov.in સાઈટ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી આઈ.ટી.આઈ. ખાતે તારીખ ૨૬-૧૦-૨૦૨૧ સુધીમાં પ્રવેશ ફોર્મ જમા કરાવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ તા. ૧૩ થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવશે. આથી પ્રવેશ ઈચ્છુક બહેનોએ જરૂરી ડોક્યુમેંટ (શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ, ટ્રાયલ સર્ટિ, સ્કૂલ લીવીંગ, આધારકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર) સાથે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા આચાર્યે જણાવાયું છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ઈ-ટેન્ડર નોટીસ નં-૦૫ સને ૨૦૨૧-૨૨**
**આઈ.ડી.નં.: ૪૮૫૯૬૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ૪ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી દહેગામ તાલુકાના કંથારપુર ગામે મહાકાળી વડના વિકાસ કામે બિલ્ડીંગના પાયામાંથી જી-૨ જુથ યોજનાના બાબરા હેડવર્કસથી વાસણાચૌધરી ગામ તરફ જતી ૬૧૦ મીમી વ્યાસની એમ.એસ.પાઈપલાઈન શીફટીંગ કરવાના કામ, ટેન્ડર આઈ.ડી.-૪૮૫૯૬૨ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉર્તીર્ણ થવાનુ રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http:/gwssb.nprocure.com તથા www.gwssb.org ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશન ની છેલ્લી તારીખ:૨૬/૧૦/૨૦૨૧ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યું એસ.એસ.બોર્ડ નો રહેશે.ટેન્ડર ફી અને બાનાની રકમના મુળ દસ્તાવેજોના કવરો ટેન્ડર ઓનલાઈન સબમીશન રજુ કરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ૩ વાગ્યા સુધીમાં RPAD / Speed Post / Hand Delivery થી ઉપરના સરનામે પહોંચતા કરવાના રહેશે.

“ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન ટોલ ફી નંબર :૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.”

**ફોન નં.(૦૭૯) ૨૩૨૬૧૮૭૦, મોબાઇલ નં: ૯૯૭૮૪૦૭૧૧૯.**

માહિતી/૧૨૭૨/૨૧-૨૨




## એન્યુઅલ આર્મ્ડ યુનિટ ટ્રોફી સ્વિમીંગ ટુર્નામેન્ટ

એન્યુઅલ આર્મડ યુનીટ ટ્રોફી સ્વિમીંગ ટુર્નામેન્ટ ૨૦૨૧નું આયોજન રાજ્ય અનામત પોલીસ દળ જુથ ૫ ગોધરા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત વિકાસ સહાય (આઈ પી એસ) પોલીસ મહાનિર્દેશક તાલીમ ગુજરાત રાજ્ય ગાંધીનગર તમજ અતીથી વિશેષ પિયુષ પટેલે (આઈ પી એસ) પોલીસ મહાનિર્દેશક હથિયારી એકેદમી ગાંધીનગર હાજર રહ્યા હતા. વિકાસ સહાયે ખેલાડીઓને સંબોધી હરીફાઈ ખુલ્લી મુકી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ગાંધીનગર સ્વિમીંગ એસોસિયેશન દ્વારા કરવામાં આવ્યું હતું.